# ચટાકેદાર ઉંધીયા-જલેબીના ભાવમાં ૧૫ ટકાનો વધારો

## પતંગ રસિયાઓ ઉંધીયા-જલેબીની જયાફત ઉડાવશે : શહેરમાં ૫૦ સ્થળોએથી વેચાણ



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

### શાકભાજીના ભાવોમાં ઉછાળો

| શાકભાજી | કિલોનો ભાવ |
|---|---|
| નાના બટાકા | રૂ. ૧૦ |
| વઢવાણી મરચાં | રૂ. ૬૦ |
| લીલી તુવેર | રૂ. ૮૦ |
| રતાળુ | રૂ.૮૦ |
| ગાજર | રૂ. ૨૦ |
| સુરતી વાલોળ | રૂ. ૮૦ |
| ટામેટા | રૂ. ૧૦ |
| સુરણ | રૂ. ૪૦ |
| દાણા-વાલોળ | રૂ. ૩૦ |
| ફુલાવર | રૂ. ૨૦ |
| શક્કરિયા | રૂ. ૪૦ |
| સેન્ડો રવૈયા | રૂ. ૨૦ |

ગાંધીનગર, તા.૧૩

શહેરના પતંગ રસિયાઓ ઉત્તરાયણના પવિત્ર પર્વમાં પતંગ ચગાવવાની મજા સાથે ઉંધીયું અને જલેબીની જયાફત માણશે. શહેરના વિવિધ ૫૦ સ્થળોએ ચટાકેદાર ઉંધીયા અને જલેબીના સ્ટોલસ પણ ઉભા કરી દેવાયા છે.

ગાંધીનગર શહેરના નગરજનો ઉત્તરાયણમાં પતંગ ચગાવવાની સાથે ઉંધીયું જલેબી અને ફાફડાનો સ્વાદ માણી ઉત્તરાયણની ઉજવણી કરશે. શહેરમાં ઘે-૨, સે-૭, ઘ-૫, ઘ-૪, સે-૨૧, સે-૨૨, સે-૨૪ સહિતની વિવિધ જગ્યા પર ઉંધીયું અને જલેબીના આશરે ૫૦ જેટલા સ્ટોલ પર ઉંધીયું અને જલેબીનું વેચાણ શરુ કરી દેવાયું છે. ગત વર્ષે ઉંધીયાનો કિલોનો ભાવ રૂ. ૧૨૦થી રૂ. ૧૬૦ સુધીનો હતો. જે આ વર્ષે મોંઘવારીના લીધે રૂ. ૧૪૦ થી રૂ.૧ ૮૦ જેટલો પહોંચ્યો છે. તેવી જ રીતે જલેબીના ભાવમાં પણ આ વર્ષે વધારો જોવા મળે છે. ગત વર્ષે તેલમાં બનાવેલી જલેબી રૂ. ૧૪૦ થી રૂ. ૧૬૦ સુધી મળતી હતી. તે આ વર્ષે રૂ. ૧૪૦થી રૂ. ૧૮૦ નો ભાવ જલેબીનો છે. તેલ અને શાકભાજીના ભાવમાં વધારો થતાં ઉંધીયું અને જલેબી પણ મોંઘા થયા છે. શહેરીજનો ઉત્તરાયણમાં આ વર્ષે થોડો ભાવ વધારો થતાં ચિંતિત જરૂર થયાં છે પણ સ્વાદના શોખીનો માટે આ ભાવ વધારો ઉંધીયાની સુગંધથી જ ગાયબ થઈ જાય છે. ચટાકેદાર ઉંધીયું અને જલેબીની સાથે બજારમાં વિવિધ પ્રકારની તલની ચીકી, કાળા તલની ચીકી, દાળીયાની ચીકી, સીંગની ચીકી, ગજકની ચીકી અને તલના લાડુ અને મમરાના લાડુ પણ બજારમાં ખરીદતા લોકો નજરે પડે છે.

| | |
|---|---|
| ૧ કિલો ઉંધીયું | રૂ. ૧૮૦ |
| ૧ કિલો જબેલી | રૂ.૧૮૦ |
| ૧ કિલો ચીકી | રૂ.૧૬૦ |
| ૧ કિલો તલ અને મમરાના લાડુ | રૂ. ૧૬૦ |
| ૧ કિલો જામફળ | રૂ. ૪૦ |
| ૧ કિલો શેરડી | રૂ. ૨૦ |
| ૧ કિલો બોર | રૂ. ૩૦ |

# ડભોડા પોલીસે ૭૫ નંગ દારૂની બોટલ સાથે ઈન્ડીકા કાર ઝડપી

## ઉત્તરાયણ નિમિત્તે દારૂનો જથ્થો રાજસ્થાનથી અમદાવાદ લઈ જવાતો હતો : બે ની ધરપકડ

ગાંધીનગર, તા.૧૩

ઉત્તરાયણના તહેવારને અનુલક્ષી અમદાવાદ લઈ જવાતા વિદેશી દારૂના જથ્થાને ડભોડા પોલીસે ઝડપી લીધો છે. પોલીસે આજે બપોરે લવારપુર-શાહપુર માર્ગ પર વિદેશી-દારૂની ૭૫ નંગ બોટલ ભરીને જતી ઈન્ડિકા કાર સાથે રૂ. ૧.૨૫ લાખનો મુદ્દામાલ કબજે લીધો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ડભોડા પોલીસના પોલીસ સબ ઈન્સ્પેકટર વી.બી. પરમાર કોન્સ્ટેબલ બળથાભાઈ સહિત સ્ટાફના માણસોએ જિલ્લાના લવારપુર-શાહપુર માર્ગ પર વોચ ગોઠવી હતી. મળેલી બાતમીના આધારે પોલીસે ગોઠવેલી વોચ દરમિયાન સ્થળ પરથી પસાર થતી ઈન્ડિકા કાર નં. આર.જે.૧૨-સી.એ. ૧૪૦૬ને અટકાવી પોલીસે તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન કારમાંથી ગ્રીનલેબલ, રોયલ સ્ટેગ સહિતની વિવિધ માર્કાની વિદેશી દારૂની ૭૫ નંગ બોટલો મળી આવી હતી. પોલીસે આરોપી રાકેશ રમણલાલ કલાલ (રહે. કોહરા તા. ડુંગરપુર) તેમજ આરોપી અમૃતલાલ હગરામ મીણા (રહે. પાલપાદર-ડુંગરપુર)ને ધરપકડ કરી વધુ પૂછતાથ હાથ ધરી હતી. આ દરમિયાન રાજસ્થાનથી લવાયેલો દારૂનો આ જથ્થો ઉત્તરાયણના પર્વને લઈ અમદાવાદ લઈ જવાતો હોવાનું ધ્યાને આવ્યું હતું. ડભોડા પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી ઈન્ડિકા કાર અને દારૂની બોટલો સહિત રૂ. ૧.૨૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પી.એસ.આઈ. વી.બી. પરમારે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## મકરસંક્રાતિના પર્વે વિવેકબુદ્ધિનો ઉપયોગ કરી દાન-પુણ્યનો લાભ લેવો જોઈએ

આપણી હિન્દુ સંસ્કૃતિમાં તહેવારોની સાથે સાથે દાન-પુણ્ય-ધર્મનો વિશેષ મહિમા જોવા મળે છે. સામાન્ય રીતે આખા વર્ષ દરમ્યાન મૂંગા પશુઓની ભારોભઆર અવગણના થતી હોય છે. પરંતુ મકરસંક્રાતિનો પર્વ એટલે મૂંગા અબોલા પશુઓની સેવા કરી દાન-પુણ્ય કમાવાનો અણમોલ અવસર. આ પર્વ નિમિત્તે લોકો દ્વારા ગાયો 'ઘૂઘરી' તેમજ લીલો અને સૂકો ઘાસચારો ખવડાવવામાં આવે છે તેમજ શ્વાનને લાડવા ખવડાવવાનો મહિમા છે. આપણી પરંપરા મુજબ ગાયોને ખવડાવવામાં આવતી 'ઘૂઘરી' એટલે કે બાજરી તેમજ અન્ય અનાજને બાફીને પશુને ખવડાવવું આ 'ઘૂઘરી' વધુ પ્રમાણમાં પશુ ખાઈ જતા પશુની હોજરીમાં એસિડનું પ્રમાણ વધી જાય છે. આથી એસિડોસીસ નામની ચયાપચયની તકલીફ થાય છે. જેના કારણે ગાયો ખાવાનું બંધ કરે છે વળી, ઘણા લોકો લીલો ઘાસચારો ગાયોને ખવડાવે છે જે વધુ પ્રમાણમાં ખાઈ જતાં પશુને આફરો આવે છે. પશુની પાચનશક્તિ મંદ થઈ જાય છે. આફરો વધી જતાં પશુને શ્વાસોશ્વાસની ક્રિયામાં અસહ્ય તકલીફ થાય છે. જે પશુને ઘણીવાર મોતની ગર્તામાં ધકેલી દે છે. ઘણા પશુપ્રેમીઓ ગાયોને ખાવાની ચીજ-વસ્તુ પ્લાસ્ટિકની કોથળીમાં ખવડાવે છે. ખોરાક સાથે પશુ કોથળી ખાઈ જતાં તેના પેટમાં ચોંટી જાય છે. જે ધીમે ધીમે પશુના મોતનું કારણ બની શકે છે. ઉત્તરાયણમાં શ્વાનને લાડવા બનાવી ખવડાવવા વાળો પણ મોટો વર્ગ છે. તેમાં પણ જો લાડવાની સાઈઝ નાની રાખી તેમાં ૧-૧ ગોળઈ કૃમિનાશક દવાની મૂકવામાં આવે તો શ્વાનની રોગપ્રતિકારક શક્તિ વધે છે. તેની પાચનશક્તિ પ્રબળ બને છે તેમજ ચામડીના રોગોનું પ્રમાણ પણ અટકાવી શકાય છે અને સાચા અર્થમાં શ્વાનની સેવા કરી ગણાશે. ગાયોને ખવડાવવામાં આવતી 'ઘૂઘરી'માં એક કિલોએ ૨૦ થી ૨૫ ગ્રામ ખાવાના સોડા (પાપડી ખારો) નાખવામાં આવે તો એસિડોસીસની તકલીફથી ગાયોને બચાવી શકાય છે.. તેમજ વધુ પ્રમાણમાં 'ઘૂઘરી' ન ખવડાવવી પણ હિતાવહ છે તેમજ લીલા ઘાસચારા પર ખાવાનું મીઠું ભભરાવી ખવડાવવાથી પાચનશક્તિ મંદ પડતી અટકે છે અને સહેલાઈથી પાચન થાય છે. પતંગ રસિકોએ પણ ચાઈનાની દોરીનો ઉપયોગ કરવો નહી. તેમજ વહેલી સવારે તથા મોડી રાતે પક્ષીઓ આકાશમાં વિહંગાવલોકન કરતા હોવાથી પતંગ ન ચગાવવા અનુરોધ કરવામાં આવે છે. જેથી કરીને દોરીથી પક્ષીની પાંખ કપાઈને પક્ષીને અસહાય અને લાચાર બનતું અટકાવી શકાય. આમ, ઉતરાયણના આ શુભ પર્વે પશુ-પક્ષી પ્રેમીઓએ વિવેક બુદ્ધિનો ઉપયોગ કરી દાન-પુણ્યનો લાભ લેવો જોઈએ.

-ડૉ. વિક્રમ એસ. જાની

# વાઈબ્રન્ટ ટ્રેડ ફેરમાં એન્ટ્રી ન મળતા હજારો મુલાકાતીઓ રોષે ભરાયા

## રજાનો દિવસ હોવાથી ભારે ભીડ જામી બપોરે ૩ વાગે મુલાકાતીઓને બહાર કઢાયા !

ગાંધીનગર, તા.૧૩

વાઈબ્રન્ટ ટ્રેડ ફેરમાં આજે હજારો લોકની ભીડ ઉમટી પડતા ભારોભાર અવ્યવસ્થા સર્જાઈ હતી. બીજી તરફ બપોરે ૩ વાગ્યાથી તો એન્ટ્રીની સાથે પ્રદર્શન નિહાળતા નાગરિકોને પણ બહાર કઢાતા દૂર દૂરથી આવેલા વિઝીટર્સે ધક્કે ચઢવાનો વારો આવ્યો હતો. રવિવારની રજાના લીધે એકઝીબીશન જોવા આવેલા વિઝીટર્સમાં ઘોર નારાજગી પ્રવર્તી હતી.

વાઈબ્રન્ટ ગુજરાત અન્વયે હેલીપેડના વિશાળ મેદાનમાં યોજાયેલા ટ્રેડ ફેરને નિહાળવા રોજબરોજ હજારોની સંખ્યામાં નાગરિકો ઉમટી પડે છે. જયારે આજે આખરી દિવસે રવિવારની રજા હોવાથી મુલાકાતીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. ગત તા. ૮ જાન્યુઆરીથી શરૂ થયેલા ટ્રેડ ફેરને નિહાળવાનો ક્રેઝ વધતા આજે છેલ્લા દિવસે ભારે ભીડ જામી હતી. પ્રદર્શના દિવસો દરમિયાન આજે પ્રથમવાર રવિવાર આવતા અમદાવાદ સહિત અન્ય શહેરોમાંથી ટ્રેડ ફેરમાં વિઝીટર્સ ઉમટી પડયા હતા. આ દરમિયાન બપોરે ૩ વાગે એકઝીબીશનના સ્થળે પ્રદર્શન પુરું થઈ ગયું હોવાનું એનાઉન્સ થતા ઘણા ઘરા મુલાકાતીઓએ ધરમનો ધક્કો ખાવાની સાથે અવ્યવસ્થાનો ભોગ બનવું પડયું હતું. પ્રદર્શનના સ્થળેથી પણ મુલાકાતીઓને બહાર કાઢવામાં આવ્યા હતા. પ્રદર્શન નિહાળતા હજારો લોકોની મજા મરી ગઈ હતી. દૂર દૂર પાર પાર્કીંગ કરી પ્રદર્શનના ગેટ પાસે પહોંચેલા મુલાકાતીઓને પણ એક તબક્કે એન્ટ્રી ન મળતા નારાજગી પ્રર્વર્તી હતી.

# ઉત્તરાયણ નિમિત્તે ચિલોડા મોટા ખાતેના બજારમાં માનવ મહેરામણ ઉભરાયું

## પતંગો-દોરી ખરીદવા લોકોની ભારે ભીડ

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)





ચિલોડા, તા.૧૩

ગાંધીનગર જિલ્લાના પ્રવેશદ્વાર સમા ચિલોડા જંકશન મથક પાસેના મુખ્ય બજારમાં મકરસંક્રાંતિ તહેવાર નિમિત્તે પતંગ બજારમાં પતંગોના સ્ટોલ ઉભા થતાં લોકો ખરીદી કરવા તત્પર બનતાં માનવ મહેરામણ ઉમટી પડયું હતું. આમ ચિલોડા બજાર આજુબાજુના ૨૦થી વધુ ગામોના નાગરિકો પતંગ-દોરીની ખરીદી કરવા છેલ્લા બે દિવસથી મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે. ચાલુ સાલે ચિલોડા એપ્રોચ રોડ પર દર વર્ષની જેમ ૧૫ જેટલા સ્ટોલો દ્વારા ધૂમ વેચાણ થઈ રહ્યું છે. જેમાં દોરીમાં ભગવાન, યુસુફ, રિયાસત, સુરતી, બરેલી જાતની વિવિધ ફીરકીઓનું વેચાણ થઈ રહ્યું છે જયારે પતંગોમાં વિવિધ વેરાયટીમાં લોકો ખરીદી કરવા પડાપડી કરી રહ્યા છે. આમ ચિલોડા બજારમાં પાકી દોરી રંગાવા ચરખાઓનું પ્રમાણ વધુ જોવા મળી રહ્યું છે. પતંગો સિવાય પતંગરસિયાઓ અનેક વસ્તુઓ જેવી કે ટોપી, ચશ્મા, પીપુંડા, જેવી આઈટમોના વિશેષ વેચાણ માટે પણ સ્ટોલોની વ્યવસ્થા કરી છે. જયારે ઉત્તરાયણ નિમિત્તે ફરસાણ બજારમાં ફાફડાજલેબી-ખમણ તથા બોર, શેરડી, જામફળની ખરીદીનું બજાર ધમધમી ઉઠતાં ચિલોડા બજારનો અનોખો માહોલ જોતાં લોકોમાં ભારે ઉત્સાહ અને ઉમંગ જોવા મળી રહ્યા છે. આમ દર વર્ષની પરંપરા મુજબ ચિલોડા સર્વિસ રોડ પર શેરડીના બજારે અનોખું આકર્ષણ જમાવ્યું છે. જયાં જુઓ ત્યાં ચિલોડા બજાર માનવમેદનીથી ભરપૂર છે આ વર્ષે પતંગો અને દોરીમાં ૧૫ થી ૨૦ ટકાનો ભાવ વધારો થયો હોવાનું પણ મનાય છે.

# ઉત્તરાયણ નિમિત્તે સરકારી કર્મચારી દ્વારા વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની અનોખી કલાકારીગરી

ગુજરાતમાં ૧૪મી જાન્યુઆરી એટલે પતંગોત્સવ પતંગરસિયાઓ દ્વારા વિવિધ વેરાયટીની જમ્બો પતંગ અને દોરી -ફિરકી બજારમાં નજરે પડે છે. પરંતુ મીની ફિરકી અને પતંગ બનાવવામાં ગાંધીનગર શહેરના એક કર્મચારીએ હાથવગુ કરતબ અજમાવી અનોખી કલાકારીગરી પ્રશંસનીય ગણી શકાય જે ખરેખર સામાન્ય રીતે માનવામાં ન આવે તેવી વાત છે. જેમાં શિક્ષણ વિભાગમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા આ ઉત્સાહી યુવાને વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુ બનાવવામાં અનેક રસ દાખવ્યો છે. વેસ્ટમાંથી પતંગ અને ફિરકી બનાવવામાં માત્ર ૩૦ મિનિટ સમય લાગે છે. આમ સેક્ટર-૪-સીમાં રહેતા મુળ વતન વિજયનગર તાલુકાના ઓમપ્રકાશ પંચાલ હાલમાં શિક્ષણ વિભાગમાં ફરજ બજાવતા ઓમપ્રકાશે ખૂબજ નાનકડી ફિરકી અને પતંગ બનાવ્યા છે જે વિચાર માંગી લે તેવો પ્રશ્ન છે. પતંગની સાઈઝ એક ઈંચ છે. જ્યારે ફિરકીની સાઈઝ દોઢ ઈંચની છે. જેથી બનાવટમાં તેઓએ ગાડીની એરિયલનો તુટેલો રોડ ટૂકડો અને શર્ટના બટન અને નટ-બોલ્ટ વોશર અને ફેવીકીક સિલાઈ કરવાની દોરાથી ગરગડીમાં દોરી વીંટવામાં આવે છે. જ્યારે પતંગ બનાવવા માટે ગણતરીની મિનિટોમાં કાર્યસિદ્ધિ હાંસલ કરી છે. ઓમપ્રકાશ પંચાલ અનેક ક્ષેત્રે અદ્દ્ભૂત સિદ્ધિ મેળવવામાં અગ્રેસર રહ્યા છે. તેઓએ પોસ્ટકાર્ડ પર હિન્દી-ગુજરાતી-અંગ્રેજી ઊંધા અક્ષરો લખવામાં પારંગત હાંસલ કરી હંમેશા સંશોધન વૃત્તિને પ્રોત્સાહિત કરી રહ્યા છે.



## ઉત્તરાયણ પર્વે ઓમકારેશ્વર મંદિરમાં કૂતરાઓ માટે ૨૦૦ કિલો લાડુ બનાવાયા

મકરસંક્રાંતિનું દાન-પુણ્ય માટે સર્વોત્તમ પર્વ ગણાયું છે. આ દિવસે કૂતરાઓને ખવડાવવાથી અનેકગણું પુણ્ય પ્રાપ્ત થાય છે. આ પુણ્ય પ્રાપ્તિના અર્થે ગાંધીનગર શહેરના સે-૪માં આવેલા ઓમકારેશ્વર મહાદેવ મંદિર ખાતે કૂતરાઓના ભોજન માટે ૨૦૦ કિલો લાડુ બનાવવામાં આવ્યા છે. ઉત્તરાયણ પર્વ નિમિત્તે ઓમકારેશ્વર મંદિરે ૨૦૦ કિલો લાડુ બનાવવાના પ્રસંગે ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ તથા નવરાત્રિ સમિતિના પ્રમુખ રાજુભાઈ પટેલ ખાસ હાજર રહ્યા હતા. શિવશકિત મહિલા મંડળની બહેનોએ ૨૦૦ કિલો લાડવા બનાવ્યા હતા. આ પ્રસંગે સેકટર-૪ના અગ્રણી તેજાભાઈ દેસાઈ, જગદીશભાઈ રાવલ, ભરતભાઈ પટેલ, રમણભાઈ ઠકકર, દીનેશભાઈ બારોટ, અજીતભાઈ ગોહિલ અને દીનેશભાઈ પટેલ વગેરે હાજર રહ્યા હતા.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૭

સૂર્યાસ્ત : ૬.૨૦

## તાપમાન

મહત્તમ : ૩૧.૦ ડિ.સે.

લઘુત્તમ : ૧૧.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૭ ટકા ● સાંજે ૩૬ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્કીન-૧ :
ટેબલ નં. ૨૧ : ૧૦.૦૦
મટરું કી બિજલી કા મન ડોલા :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫

: સ્કીન-૨ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૧૦.૦૦, ૪.૩૦, ૭.૩૦
દબંગ-૨ : ૧.૩૦, ૧૦.૧૫

: સ્કીન-૩ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૬.૩૦, ૯.૪૫

: સ્કીન-૪ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૧૦.૦૦
ટેબલ નં. ૨૧ : ૧૨.૪૫, ૩.૦૦
દબંગ-૨ : ૫.૦૦, ૭.૩૦

: સ્કીન-૫ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૩.૩૦, ૯.૪૫

### સિને મેક્સ

: સ્કીન-૧ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૯.૧૫,૧૨.૧૫, ૬.૧૫, ૯.૧૫
લાઈફ ઑફ પાય ૩ડી(હિન્દી) : ૩.૧૫

: સ્કીન-૨ :
ટેબલ નં. ૨૧ : ૧૦.૦૦, ૩.૦૦, ૮.૦૦
દબંગ -૨ : ૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૧૫

: સ્કીન-૩ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્કીન-૪ :
મટરું કી બિજલી કા મન ડોલા :૮.૩૦,૧૧.૩૦,૨.૩૦,૫.૩૦, ૮.૩૦

### સૂર્યા, વાવોલ

મટરું કી બિજલી કા મન ડોલા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
તારા રૂદિયાની રાણી બોલે બંધાણી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :
વિશ્વરૂપઃ ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્કીન-૨ :
મટરું કી બિજલી કા મન ડોલા :૧૦.૪૫, ૧.૩૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્કીન-૩ :
દબંગ-૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦
મટરું કી બિજલી કા મન ડોલા : ૬.૩૦

### ચિરાગ, કલોલ

ઘાયલ (ગુજરાતી) : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : વહીવટકર્તાઓ માટે આર્થિક વૃદ્ધિનો યોગ. સંગીતનાં ક્ષેત્રમાં રુચિ વધારઓ થશે. વેપાર - ધંધોમાં વધારો થઈ શકશે. વિશેષ કાર્યો માટે કરવામાં આવેલી દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થશે.

**વૃષભ** : સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની અનેક અટવાયેલા કાર્ય પણ સમય પર પૂર્ણ થઈ શકશે. સંતાનપક્ષ તરફથી સુખદ સમાચાર મળશે. ગ્રાહકોથી મધુર સંબંધ બંધાશે.

**મિથુન** : ઘરમાં મહેમાન આવવાની શકયતાઓ છે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. નવા સંબંધો રચાશે. સત્સંગમાં ભાગ લેવાનું થશે. માનસિક શાંતિ જાળવી રાખવી.

**કર્ક** : સગા- સંબંધીઓથી મુલાકાત થશે. દામ્પત્યજીવનમાં સુખમાં કમી ન થાય તેની કાળજી રાખવી. ખર્ચમાં વધારો થવાની સંભાવના છે. વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો.

**સિંહ** : સાથી પ્રત્યે નિકટતા અને ભાવુકતા રાખવી. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**તુલા** : નવી યોજનાઓનો પ્રારંભ થશે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. પોતાના પ્રયત્નોથી જ લોકપ્રિયતા અને સામાજિક સન્માન પ્રાપ્ત કરશો.

**વૃશ્ચિક** : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

**ધન** : સફળ યાત્રા થશે. વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**મકર** : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**કુંભ** : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ થવાની સંભાવના છે.

**મીન** : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. કલાત્મક કાર્યોમાં લાભ પ્રાપ્તિનો યોગ.

## ચિરવિદાય

- સ્વ. નારણભાઈ શીવશંકર ત્રિવેદી (ઉ.વ.૮૮)મુ.પો. મગોડી, તા., જિ. ગાંધીનગર.